જાહેર માર્ગો અને ફૂટપાથો પરથી 'અડીંગો' જમાવતા દબાણ કર્તાઓનો સફાયો

પાલિકાની દબાણ અને સિક્યુરીટી શાખા દ્વારા શહેરમાં મેગા ડ્રાઈવ

શહેરમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા અને રાહદારીઓ સુરક્ષિત રીતે ફૂટપાથનો ઉપયોગ કરી શકે તે માટે આ ઝુંબેશ હાથ ધરવામાં આવી

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
વડોદરા શહેરને સ્માર્ટ અને ટ્રાફિક મુક્ત બનાવવાના સંકલ્પ સાથે વડોદરા મહાનગરપાલિકા એક્શન મોડમાં આવી ગઈ છે. શહેરના જાહેર માર્ગો અને ફૂટપાથો પર અડીંગો જમાવીને બેઠેલા દબાણકર્તાઓ સામે પાલિકાની દબાણ અને સિક્યુરિટી શાખાએ 25 મે સોમવારના રોજ, એક વ્યાપક

ઝુંબેશ હાથ ધરી હતી. શહેરના પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણના વિવિધ વ્યસ્ત વિસ્તારોમાં સપાટો બોલાવીને પાલિકાની ટીમે કરોડો રૂપિયાની કિંમતી જાહેર જમીન ખુલ્લી કરાવી હતી અને રસ્તાઓ લોકોને અવરજવર માટે મોકળા કર્યા હતા. પાલિકાની દબાણ શાખાની ટીમે વહેલી સવારથી જ આયોજનબદ્ધ રીતે કામગીરી શરૂ કરી હતી. શહેરના કમાટીબાગ ગેટ નં. 02 પાસે તેમજ મ્યુનિસિપલ કમિશનર બંગલાના ગેટ નજીક ગેરકાયદેસર રીતે ઉભા રહી જતા લારી-ગલ્લા અને પથારાવાળાઓને ત્વરિત અસરથી હટાવી દેવાયા હતા. આ ઉપરાંત, ટ્રાફિકથી સતત ધમધમતા EME સર્કલ પાસે અને મોડી રાત સુધી લોકોની ભીડ ધરાવતા રાત્રી બજાર બસ સ્ટેન્ડ આસપાસના તમામ કાચા-પાકા દબાણો પર પાલિકાનું બુલડોઝર ફર્યું હતું.

પાલિકાની આ કડક ઝુંબેશ દરમિયાન માત્ર લારી-ગલ્લા જ નહીં, પરંતુ પાકા ઓટલા અને ગેરકાયદેસર કાઉન્ટરો સામે પણ લાલ આંખ કરવામાં આવી હતી. પેવેલિયન સર્કલ પાસે આવેલી બેંક ઓફ બરોડાની બાજુમાં, ફૂટપાથ તેમજ મુખ્ય રોડ પર નડતરરૂપ બનેલા વેપારીઓના મોટા કાઉન્ટરો તોડી પાડવામાં આવ્યા હતા.

મુજમહુડા સર્કલ પર બાઈક સવારનો હાઈ વોલ્ટેજ ડ્રામા

કારના કાચ તોડી રસ્તા પર મારામારી કરતા ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરાના મુજમહુડા સર્કલ પાસે આજે બાઈક અને કાર વચ્ચેના નજીવા અકસ્માત બાદ બાઈક સવારે કરેલા હાઈ વોલ્ટેજ ડ્રામાથી અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બાઈક સવારે કારના કાચ તોડી નાખી કારચાલક સાથે ગાળાગાળી અને મારામારી કરતાં રસ્તા પર લાંબો ટ્રાફિક જામ થઈ ગયો હતો. વડોદરાના મુજમહુડા સર્કલ પાસે બાઈક અને ફોરવીલર કાર વચ્ચે સામાન્ય અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ બાઈક સવાર અચાનક ઉશ્કેરાઈ ગયો અને કારના કાચ તોડી નાખ્યા હતા. ત્યારબાદ કાર ચાલક સાથે ઉગ્ર બોલાચાલી અને મારામારી શરૂ કરી દીધી હતી. ઝઘડો જોઈને સમજાવવા આવેલા સ્થાનિક લોકો સાથે પણ બાઈક સવાર

ઉશ્કેરાઈ ગયો અને તેમની સાથે પણ ગેરવર્તન કર્યું હતું. સ્થાનિકોએ બાઈક સવાર નશામાં ધૂત હોવાનો આક્ષેપ કર્યો છે. તેની વર્તણૂક પરથી તે અત્યંત નશાની હાલતમાં હોવાનું જણાયું હતું. રસ્તા વચ્ચે જ હંગામો અને મારામારી થતાં મુજમહુડા સર્કલ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ અને ટ્રાફિક ઠપ્પ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ભારે જહેમતે ઉશ્કેરાયેલા બાઈક સવારને કાબૂમાં લઈ મામલો થાળે પાડ્યો હતો.

આરોપી એનડીપીએસ કેસમાં ત્રણ વર્ષથી જ્યુડિશિયલ કસ્ટડીમાં સજા ભોગવે છે

વડોદરામાં રૂ.477 કરોડના મેફેડ્રોન કેસમાં આરોપીના રેગ્યુલર જામીન નામંજૂર

સિંધરોટ પાસેથી ડ્રગ્સ બનાવવાની મીની ફેક્ટરી ઝડપાઈ હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
વડોદરાની સ્પેશિયલ એનડીપીએસ કોર્ટે સિંધરોટ વિસ્તારમાંથી ઝડપાયેલા 477 કરોડ રૂપિયાના મેફેડ્રોન ડ્રગ્સ કેસમાં આરોપી યોગેશ નંદકિશોર તડવીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરી છે. સીંધરોટ ગામની સીમમાં આવેલી પતરાના શેડવાળી ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે મેફેડ્રોનનું ઉત્પાદન અને સંગ્રહ કરવામાં આવતો હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. કેસની હકીકત મુજબ આરોપીઓએ એકબીજાની મદદગારીમાં 63 કિલો 613 ગ્રામ તૈયાર મેફેડ્રોન તથા 80 કિલો 260 ગ્રામ મેફેડ્રોન બનાવવાનું લિક્વિડ સહિત અંદાજે રૂ. 477 કરોડની કિંમતનો જથ્થો રાખ્યો હતો. આ મામલે એ.ટી.એસ. પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયા બાદ આરોપીની અટકાયત કરી કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો, જ્યાંથી તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. આ કેસમાં એનડીપીએસ કેસ હેઠળ ચાર્જશીટ પણ દાખલ થઈ ચૂકી છે. આરોપીએ અગાઉ પણ રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી, જે 11 ફેબ્રુઆરી 2025ના રોજ નામંજૂર કરવામાં આવી હતી. હાલની અરજીમાં આરોપીએ દલીલ કરી હતી કે તે છેલ્લા ત્રણ વર્ષથી જેલમાં છે અને કેસના કેટલાક સહઆરોપીઓને સુપ્રીમ કોર્ટ તથા ગુજરાત હાઈકોર્ટ દ્વારા જામીન આપવામાં આવ્યા છે, તેથી બદલાયેલા સંજોગોમાં તેને પણ જામીન આપવામાં આવે. બંને પક્ષોની દલીલો અને દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં લઈને સ્પેશિયલ એન.ડી.પી.એસ. જજ તથા 7મા એડિશનલ સેશન્સ જજ પ્રશાંત નરેન્દ્રકુમાર રાવલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ 483 હેઠળ કરવામાં આવેલી રેગ્યુલર અરજી નામંજૂર કરી હતી.

આ કામગીરી ચોમાસામાં વાહનચાલકોને મોટી રાહત સાબિત થશે

ચોમાસા પહેલાં પાલિકા દ્વારા વોર્ડ નં. 19 માં આધુનિક FDR પદ્ધતિથી રોડનું પેચવર્ક પૂર્ણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
નાગરિકોની સુખાકારી, સુરક્ષા અને સુગમ વાહન વ્યવહારને પ્રાથમિકતા આપતા વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સુન કામગીરીના ભાગરૂપે એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. વડોદરા મહાનગરપાલિકાના દક્ષિણ ઝોન હેઠળ આવતા વોર્ડ નંબર 19 ના વિસ્તારમાં લાંબા સમયથી બિસ્માર બનેલા માર્ગનું આધુનિક ટેકનોલોજીની મદદથી કાયમી નિવારણ લાવવામાં આવ્યું છે. વોર્ડ નં. 19 માં આવેલા પદમ પાર્ક સોસાયટી નજીક, નોવિનો ન્યૂ ઇરા રોડ પર રોડની સપાટી અત્યંત અસમતલ અને ઉબડ-ખાબડ બની ગઈ હતી. ગત ચોમાસા દરમિયાન આ વ્યસ્ત માર્ગ પર મોટા પ્રમાણમાં જોખમી ખાડાઓ

પડી ગયા હતા. જેના કારણે અહીંથી પસાર થતા હજારો વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો અને અકસ્માતનો ભય સતત રહેતો હતો. આ સમસ્યાના કાયમી અને ટેકનિકલ ઉકેલ માટે વડોદરા મહાનગરપાલિકાની સ્માર્ટ ઈજનેર ટીમ દ્વારા પરંપરાગત પદ્ધતિના બદલે આધુનિક ફુલ ડેપ્થ રિસ્ટોરેશન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. રોડ પરના જેટલા ભાગમાં ખરાબ અને અસમતલ પેચો હતા, તેને માત્ર ઉપરછલ્લા રિપેર કરવાને બદલે સંપૂર્ણ ઊંડાઈ સુધી ખોદીને દૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તે સ્થાને અત્યંત મજબૂત પેચિંગની કામગીરી હાથ ધરીને રોડને નવજીવન આપવામાં આવ્યું છે. આ સરાહનીય કામગીરીને પગલે હવે નોવિનો ન્યૂ ઇરા રોડની સપાટી એકદમ સમતલ અને સુદ્રઢ બની ગઈ છે. આગામી ચોમાસામાં પણ આ રોડ ટકી રહે તે રીતનું મજબૂત આયોજન કરાયું છે. આ વિસ્તારમાંથી પસાર થતા હજારો વાહનચાલકો અને સ્થાનિક રહીશોને હવે ખાડા મુક્ત, અવિરત અને સુરક્ષિત ડ્રાઈવિંગનો શ્રેષ્ઠ અનુભવ મળશે, જેથી લોકોએ પાલિકાની આ ત્વરિત કામગીરીને બિરદાવી છે.

સેશન્સ કોર્ટે ગુનાની ગંભીરતા ધ્યાને લઈ અરજી ફગાવી

એસિડ પી આત્મહત્યા કરનાર પરિણીતાના કેસમાં પતિની રેગ્યુલર જામીન અરજી નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
વડોદરા ગ્રામ્યના વડુ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પરિણીતાને આત્મહત્યા માટે મજબૂર કરવાના ગુનામાં સેશન્સ કોર્ટે આરોપી પતિ દેવેન્દ્રસિંહ વિક્રમસિંહ રાઠોડની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરી છે. કેસમાં મરણજનાર ઉષાબેન ઉર્ફે બિનલબેન દેવેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ.32)ને પતિ તથા સાસુ દ્વારા સતત માનસિક અને શારીરિક ત્રાસ આપવામાં આવતો હોવાનો આક્ષેપ કરાયો છે. પાદરા તાલુકામાં રહેતી યુવતીના સુરતના ઉતરાણ ગામે રહેતા આરોપી દેવેન્દ્રસિંહ રાઠોડ સાથે લગ્ન થયા હતા. લગ્નના થોડા સમય બાદ જ દેવેન્દ્રસિંહ અને તેની માતા ભારતીબેન રાઠોડ દ્વારા પરિણીતાને સતત શારીરિક તેમજ માનસિક હેરાનગતિ કરવામાં આવતી હતી. આ ત્રાસથી કંટાળીને પરિણીતા 19 ડિસેમ્બરના રોજ પોતાના પિયર કર્ણાકુવા ગામે ગઈ હતી અને બાથરૂમ સાફ કરવાનું એસિડ પી લીધું હતું. ત્યારબાદ તેને સારવાર માટે સી.એચ.સી. વડુ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તા.30 ડિસેમ્બરના રોજ તેનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ 108, 115(2) અને 54 હેઠળ ગુનો નોંધાયો હતો. આરોપી દેવેન્દ્રસિંહ રાઠોડે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, 2023ની કલમ 483 હેઠળ રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. જોકે, ઇ/ચા 12મા એડિશનલ સેશન્સ જજ ડી.કે. સોનીએ તા.20 મે 2026ના રોજ આરોપીએ કરેલી રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો.

MSU પોલિટેક્નિક દ્વારા ડિપ્લોમા પ્રવેશ માટે નિઃશુલ્ક માર્ગદર્શન સેમિનારનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા સંલગ્ન અર્ધ સરકારી પોલિટેક્નિક દ્વારા ડિપ્લોમાં પ્રવેશ વર્ષ 2026 માટે વિના મૂલ્યે અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ-10 પછી ડિપ્લોમામાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓ અને વાલીઓને આ સેમિનારનો લાભ લેવા આચાર્ય દ્વારા અનુરોધ કરાયો છે. વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે માર્ગદર્શ આપવા મુખ્ય હેતુ છે. એસીપીડીસીના તજજ્ઞો દ્વારા વિના મૂલ્યે માર્ગદર્શન આપવામાં આવશે. 30 મે શનિવાર સવારે 09:00 થી 11:00 પોલિટેક્નિક, પંડ્યા બ્રીજ, ફતેગંજ, વડોદરા, 6 મે શનિવાર સવારે 09:00 થી 11:00 કેમિકલ ઓડિટોરિયમ, ફેકલ્ટી ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરીંગ, બદામડી બાગ, નવલખી મેદાન સામે, વડોદરા ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

પસ્તીદાનથી વિદ્યાજ્ઞાનનો મહાયજ્ઞ

400 જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુક વિતરણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
આજના સમયમાં શિક્ષણનો ખર્ચ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો છે, ત્યારે સમાજના આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે મદદરૂપ થવાના હેતુથી વડોદરાની શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લી. દ્વારા અનોખી સેવા પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. મંડળીના અધ્યક્ષ ગૌરવ પવળેના માર્ગદર્શન હેઠળ છેલ્લા પાંચ વર્ષથી "પસ્તીદાનથી વિદ્યાજ્ઞાન" મહાયજ્ઞ ચલાવવામાં આવે છે. લોકો પાસેથી એકત્રિત થતી પસ્તીનું દાન વેચાણ કરી મળતી રકમનો ઉપયોગ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે કરવામાં આવે છે. આજરોજ દત મંદિર ચોક, નૂતન બેંક સામે, બરાનપુરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કુલ 500 વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકોનું

વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે ગૌરવ પવળેએ જણાવ્યું હતું કે વિદ્યાદાન એ સૌથી મોટું દાન છે. સમાજનો દરેક બાળક ભણીને આગળ વધે અને પોતાના સપનાઓ પૂર્ણ કરે તે માટે સમાજે એકસાથે આગળ આવવાની જરૂર છે. નાની મદદ પણ કોઈ વિદ્યાર્થીના ભવિષ્યને નવી દિશા આપી શકે છે.

કાર અને વિદેશી દારૂ તેમજ બીયર સહીત રૂ.10 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

કપુરાઈ પોલીસે મધ્યપ્રદેશથી લેવાયેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો, બેની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
વિદેશી દારૂનો જથ્થો ભરીને કપુરાઈ ચોકડી તરફ આવી રહેલી મધ્યપ્રદેશ પાસિંગની કારને કપુરાઈ પોલીસે ઝડપી પાડી હતી.ઉપરાંત બે આરોપીઓની દારૂ, કાર અને મોબાઈલ સહિત રૂ.10 લાખથી વધુનો મુદ્દામાલ સાથે ધરપકડ કરાઈ છે.વાઘોડિયા ચોકડી વિસ્તારમાં કપુરાઈ પોલીસની ટીમ રવિવારના રોજ પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે સફેદ રંગની ઈનોવા ક્રિસ્ટા કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી કપુરાઈ ચોકડી તરફ લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસે હરીયાળી હોટલ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ કાર દેખાતા તેનો પીછો કરી લેન્ડમાર્ક સોસાયટી નજીક અટકાવવામાં આવી હતી. કારની તપાસ દરમિયાન બીયરના 315 ટીન તથા 144 ક્વાર્ટર ઇંગ્લિશ દારૂ મળી આવ્યો હતો.

દારૂ પર "For Sale in Madhya Pradesh Only" લખાણ જોવા મળ્યું હતું.પોલીસે રવિ મધુભાઈ મરમલ અને મેહુલભાઈ સાંખ નામના બે આરોપીઓને ઝડપી પાડી તેમની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે દારૂ સપ્લાય કરનાર મુખ્ય આરોપીને શોધવા ચક્રો ગતિમાન કરાયા છે.

પોલીસે અગાઉ થપ્પડ મારનાર પત્ની સહિત ચાર લોકોની ધરપકડ કરી હતી

ઈલોરાપાર્કની ઘટનાને ગંભીરતાથી લઈ પોલીસ કાર્યવાહી કરી રહી છે : ACP

મહિલાએ કરેલા વિવિધ આક્ષેપોમાં પોલીસ દ્વારા પુરાવા એકત્ર કરવા તજવીજ

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
વડોદરાના ગોરવા પોલીસ સ્ટેશન હેઠળ આવેલી ઈલોરાપાર્ક પોલીસ ચોકીમાં પતિ-પત્ની વચ્ચેનો વિવાદ ઉગ્ર બનતાં ભારે ચકચાર મચી ગઈ હતી. પત્નીએ પોલીસની હાજરીમાં જ પોતાના પતિને થપ્પડ મારી દેતાં મામલો ગરમાયો હતો. એટલું જ નહીં, મહિલાએ પોતાના ઓળખીતા શખ્સોને પોલીસ ચોકીમાં બોલાવી પતિને જાનથી મારી નાખવાની ધમકી અપાવી હોવાનો આરોપ પણ સામે આવ્યો છે. સમગ્ર મામલે પોલીસે ચાર આરોપીઓની અટકાયત કરીને વધુ તપાસ શરૂ કરી છે. ACP આર.ડી. કવાએ જણાવ્યું હતું કે, ઘટનાને ગંભીરતાથી લઈને તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ તપાસ દરમિયાન યુવતી ઉર્વશી દ્વારા કરાયેલા આક્ષેપોમાં કોઈ તથ્ય સામે આવ્યું નથી તેમજ તેઓ કોઈ પુરાવા રજૂ કરી શક્યા નથી. પોલીસે ઉર્વશી જગદીશભાઈ નાઈ, વિજય ઉર્ફે મનીષ ચંદ્રસિંહ રાઠોડ, આશીફ ઉર્ફે મુચ્છડ યુસુફ શેખ અને સબ્બીર ઉર્ફે સબો સિકંદર વાઘેલાની અટકાયત કરી છે. પતિ પાર્થ રોહિતની ફરિયાદ મુજબ, ચર્ચા દરમિયાન ઉશ્કેરાયેલી ઉર્વશીએ જાહેરમાં જ તેને થપ્પડ મારી હતી. બાદમાં તેણે પોતાના ઓળખીતા શખ્સોને બોલાવી રૂપિયા પરત નહીં આપે તો જાનથી મારી નાખવાની ધમકી અપાવી હતી. પોલીસ સ્ટાફ અને પાર્થના મિત્રોએ વચ્ચે પડી મામલો શાંત પાડ્યો હતો. બીજી તરફ, ઉર્વશીએ પતિ પાર્થ અને પોલીસ સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેના જણાવ્યા મુજબ, પાર્થ સાથે ઓળખાણ બાદ બળજબરીથી લગ્ન કરાવવામાં આવ્યા હતા અને લગ્ન પછી તેને શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવ્યો હતો. હાલ પોલીસે બંને પક્ષના આક્ષેપોને ધ્યાનમાં રાખીને તપાસ શરૂ કરી છે.

વડોદરા ખાતે ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી યોજના 5.0 અંતર્ગત

રાજ્ય સ્તરીય જાગૃતિ અને આઉટરીચ કાર્યક્રમ યોજાયો

એમ.એસ.એમ.ઈ. ધિરાણ ક્ષેત્રે ગુજરાતનું રાષ્ટ્રીય સ્તરે ૧૦ ટકા યોગદાન : રૂ. ૨૫,૦૦૦ કરોડના ધિરાણનો લક્ષ્યાંક

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
ભારત સરકારના નાણાકીય સેવાઓ વિભાગના માર્ગદર્શન હેઠળ સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટી, ગુજરાત દ્વારા આજે વડોદરાના સયાજીગંજ સ્થિત ગ્રાન્ડ મર્ક્યુરી સૂર્યા પેલેસ હોટેલ ખાતે 'ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમ (ECLGS) 5.0' વિષય પર રાજ્ય સ્તરીય જાગૃતિ-સહ-આઉટરીચ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં SLBC ગુજરાતના કન્વીનર અને બેંક ઓફ બરોડાના જનરલ મેનેજર રવીશ કુમાર, બેંક ઓફ બરોડાના જનરલ મેનેજર વિનય કુમાર રાઠી, ભારતીય રિઝર્વ બેંકના ફાઈનાન્સિયલ ઈન્ક્લુઝન એન્ડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી જનરલ મેનેજર દેવેન્દ્ર બોંડે, અને નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ (NCGTC) ના આસિસ્ટન્ટ

જનરલ મેનેજર અભિષેક માલવીયા પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ભારત સરકારના નાણાકીય સેવાઓ વિભાગના સંયુક્ત સચિવ મનોજ એમ. મુત્તાથિલ અને નાયબ સચિવ શ્રીમતી ગરિમા કપૂર વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.

કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રસ્તુતિકરણ અને પરસ્પર સંવાદ સત્રો દ્વારા ઉપસ્થિત હિસ્સેદારોને ECLGS 5.0 ના મુખ્ય લક્ષણો, પાત્રતાના માપદંડો, ઓપરેશનલ માર્ગદર્શિકા અને જન સમર્થ પોર્ટલ દ્વારા ડિજિટલ સુવિધા વિશે વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી. વક્તાઓએ એમ.એસ.એમ.ઈ અને અન્ય ઉત્પાદક ક્ષેત્રોને સમયસર અને પૂરતું ધિરાણ પૂરું પાડવામાં આ યોજનાની મહત્વની ભૂમિકા પર ભાર મૂક્યો હતો.

યુવાનો દ્વારા ઉત્સાહભેર ઉજવણી

વારસીયા ખાતે GPL-2 ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય સમાપન થયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
વડોદરા શહેરના વારસીયા વિસ્તારમાં આવેલ ગાયત્રી ગ્રાઉન્ડ ખાતે "ગાયત્રી પ્રીમિયમ લીગ - સીઝન 2 (GPL-2)" ક્રિકેટ ટૂર્નામેન્ટનો ધમાકેદાર પ્રારંભ થયો હતો. સંસ્કારી નગરી વડોદરામાં આયોજિત આ ટૂર્નામેન્ટને લઈ સ્થાનિક યુવાનોમાં ભારે ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. ગયા વર્ષે યોજાયેલી GPL-1ની સફળતા બાદ આ વર્ષે સીઝન 2નું વધુ વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. ટૂર્નામેન્ટમાં કુલ 10 ટીમો ભાગ લીધો હતો. 27 દિવસ સુધી ચાલેલા મેચોની રોમાંચક શ્રેણીમાં સ્થાનિક ખેલાડીઓએ પોતાની ક્રિકેટ પ્રતિભાને પ્રદર્શિત કરવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટનો મુખ્ય હેતુ સ્થાનિક યુવાનોને એક મજબૂત પ્લેટફોર્મ પૂરો

પાડવાનો પ્રયાસ હતો. જેથી સ્થાનીક યુવાનો રમતગમત ક્ષેત્રે આગળ વધી શકે અને ભવિષ્યમાં ઉચ્ચ સ્તરે દેશનું પ્રતિનિધિત્વ કરી શકે. આ ટુર્નામેન્ટમાં વિવિધ જ્ઞાતિ અને ધર્મના ખેલાડીઓ એક સાથે ભાગ લેતા હોવાને કારણે સમાજમાં એકતા, ભાઈચારો અને સૌહાર્દનો સકારાત્મક સંદેશ પણ પ્રસરે છે. આ પ્રસંગે આયોજકો દ્વારા વિજેતા ટીમ વિનર્સ રાઈડર્સ ઈલેવન ને પ્રથમ ઈનામમાં ૧૧૦૦૦/- અને ટ્રોફી તથા મેજીક ઈલેવન રનર્સ પ્રાઈસ ઈનામમાં ૫૦૦૦/- અને ટ્રોફી આપવામાં આવી હતી.

GUJARAT INDUSTRIES POWER COMPANY LTD.
(4x125MW Surat Lignite Power Plant, Nani Naroli, Dist: Surat)
NOTICE INVITING TENDER FOR
BRC for Lifting & transporting spilled lignite & Limestone from Various locations of LLHS For 2 years period at SLPP. **(Tender ID: 2600029)**. Bidders can download & submit their Bids on **https://etender.gipcl.com** and can also be viewed from Company website: **www.gipcl.com**
CHIEF GENERAL MANAGER (Thermal)

શહેરમાં પાણી ભરાવવાની સમસ્યા ન સર્જાય તે માટે અભિયાન શરૂ

ચોમાસા પૂર્વે વડોદરા પાલિકા દ્વારા પશ્ચિમ ઝોનમાં પ્રિ-મોનસૂન કામગીરી તેજ, ભારે માત્રામાં કચરો કઢાયો

અમુક કાંસમાંથી અત્યાર સુધીમાં સૌથી વધુ, અંદાજે 60 ઘન મીટર જેટલો કચરો દૂર કરવામાં આવ્યો છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.25
આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પાણી ભરાવવાની સમસ્યા ન સર્જાય તે માટે 'પ્રિ-મોનસૂન' એક્ટીવીટી અત્યારથી જ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે. પાલિકાના તંત્ર દ્વારા પશ્ચિમ ઝોનના વિવિધ વિસ્તારોમાં વસાદી ચેમ્બર્સ અને કાંસની સફાઈ



ઝુંબેશ હાથ ધરીને ચોમાસા દરમિયાન પાણીના નિકાલની વ્યવસ્થા સુદ્રઢ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. પશ્ચિમ ઝોનના વોર્ડ નંબર 10માં આવતા ભાયલી કેનાલ રોડ પર કે.પી. લક્ઝુરિયસ પાસે વ્યાપક સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અહીં આવેલી કુલ 45 નંગ વરસાદી ચેમ્બર્સની સફાઈ કરવામાં આવી છે. આ કામગીરી દરમિયાન ચેમ્બર્સમાંથી અંદાજે 34 ઘન મીટર જેટલો કચરો અને ગંદકી બહાર કાઢીને લાઈનો ક્લિયર કરવામાં આવી છે. બીજી તરફ, પશ્ચિમ ઝોનના જ વોર્ડ નંબર 12માં પણ સફાઈની વિવિધ કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી છે. અક્ષર ચોક પાસે આવેલ વરસાદી કાંસ પૈકી 90 મીટર સુધીની કાંસની સાફ-સફાઈની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. જેમાંથી અત્યાર સુધીમાં અંદાજે 25 ઘન મીટર કચરો બહાર કાઢવામાં આવ્યો છે. ચાણક્ય નગરી, કલાલી તથા વિલ-બાંકો પાસે આવેલ વરસાદી ચેનલ પૈકી 60 મીટર સુધીની વરસાદી કાંસની સફાઈનું કામ ચાલુ છે. આ વિસ્તારની કાંસમાંથી અત્યાર સુધીમાં સૌથી વધુ, અંદાજે 60 ઘન મીટર જેટલો કચરો દૂર કરવામાં આવ્યો છે.

બકરીઈદ પૂર્વે ગોરવા પોલીસનું ફૂટ પેટ્રોલિંગ, સંવેદનશીલ વિસ્તારોમાં ચેકિંગ



(પ્રતિનિધિ) વડોદરા, તા.25
આગામી બકરીઈદ પર્વને ધ્યાનમાં રાખી ગોરવા પોલીસ સ્ટેશન દ્વારા વિસ્તારમાં સંવેદનશીલ રૂટ પર ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ ટીમે એરિયા ડોમિનેશન સાથે ચેકિંગ કરી શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખી હતી. ઉપરાંત હિસ્ટ્રીશીટર અને મોનીટરિંગ હેઠળના ઈસમોને કાયદો અને વ્યવસ્થા જાળવવા જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તહેવાર દરમિયાન શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ અને ચેકિંગની કામગીરી ચાલુ રાખવામાં આવશે હોવાનું જણાવાયું હતું.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

પરિશિષ્ટ-૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિક્યુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૦૪.૦૨.૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહદેવાદારો અને જામીનદારો ૧. જયેશભાઈ રોહિત ૨. ઉર્મીલાબેન રોહતિ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨,૮૧,૮૨૦.૫૧ (અંકે રૂપિયા બે લાખ એક્યાશી હજાર આઠસો વીસ અને એકાવન પૈસા પુરા) તા.૩૦.૦૧.૨૦૨૬ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૨૨ મી મે ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂા.૨,૮૧,૮૨૦.૫૧ (અંકે રૂપિયા બે લાખ એક્યાશી હજાર આઠસો વીસ અને એકાવન પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત નં. ૧૧૩/૧, મિલકત એરિયા ૪૩૦.૦૦ ચો.ફુટ મુ. નવી જાબુવાઈ, પો. ચીપાડ, તા. વાઘોડીયા, જી. વડોદરા, ગુજરાત-૩૯૧૭૬૦ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ :** રોડ, **પશ્ચિમ તરફ :** રોડ, **ઉત્તર તરફ :** કરશનનું ઘર, **દક્ષિણ તરફ :** રામજીભાઈનું ઘર આવેલ છે.

સહિ/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાયેલી)
તારીખ : ૨૨/૦૫/૨૦૨૬
સ્થળ : ગુજરાત
લોન ખાતા નં.: ૫૮૨૩૨૯૬૮

AMUL DAIRY, ANAND, GUJARAT, INDIA.
KAIRA DISTRICT CO-OPERATIVE MILK PRODUCERS' UNION LTD
ANAND 388 001, Gujarat, India. Phone: (02692) 256124, 256224, 256324

Tender Notice

Kaira District Co-operative Milk Producers' Union Limited, Anand, popularly known as Amul Dairy having an annual turnover of Rs. 15,000+ crores, invites sealed tenders from eligible bidders for following item.

Description
1. Contract for Taxi Hiring for Gujarat Based Plants for One Year.

The details of E-tender can be downloaded free of cost from the Website https://tender.amuldairy.com after online registration.

The on-line tender will be available for access from Dt. 26.05.2026 to Dt. 04.06.2026. The completed tender in physical form will be received up to 16.00 hours on 04.06.2026 by Senior Manager (Purchase), Amul Dairy, Anand 388 001, Gujarat, India.

Details regarding eligibility criteria, specifications and other conditions are available in the tender format from the above website.

The Amul Dairy reserves the right to accept or reject any or all the tenders without assigning any reason thereof.

Date: 26.05.2026 Managing Director